95

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર
ક્રમાંક: મુ.ઈ.(યાં)૧૦૯૮/હેન્ડપંપ રીપેરીંગ/એમ-૩/૫૪૨/૯૮
તારીખ :- ૮-૫-૯૮

## પ રિ પ ત્ર

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના યાંત્રિક એકમ નીચે ઈન્ડીયા માર્ક-૨ હેન્ડપંપની મરામત અને નિભાવણીની કામગીરી સંભાળવામાં આવે છે. આ અન્વયે એશિયન ડેવલપમેન્ટ બોર્ડ દ્વારા થયેલ ભલામણ તેમજ ભારત સરકારની સુચના અન્વયે વ્યક્તિગત યોજનાઓ ગ્રામ્ય કક્ષાએ સંભાળાય તેવી હિમાયત થયેલ જેથી હેન્ડપંપ મરામતની ફરિયાદોનો ત્વરિત નિકાલ થાય અને સાથોસાથ ગ્રામ્યજનોને પાણીનો પુરવઠો સમયસર પુરતા પ્રમાણમાં મળી રહે.

ઉપરોક્ત બાબતે તા. ૭-૫-૯૮ ના રોજ મળેલ બોર્ડ બેઠકમાં લંબાણ પૂર્વક ચર્ચા કરવામાં આવી. હેન્ડપંપ રીપેરીંગની કામગીરી ક્રમશ ગ્રામ પંચાયતને આપવા માટે બોર્ડ બેઠકમાં વિગતવાર ચર્ચા કરી લેવાયેલ નિર્ણય અનુસાર નીચે મુજબ આદેશ કરવામાં આવે છે.

**આ દે શ :-**

૧. હેન્ડપંપની મરામત અને નિભાવણી ગ્રામ્ય કક્ષાએ કરવા માટે સામાન્ય વિસ્તારમાં રૂા. ૬૦૦/- પ્રતિ હેન્ડપંપ પ્રતિ વર્ષ અને મુશ્કેલ વિસ્તારમાં રૂા. ૭૫૦/- પ્રતિ હેન્ડપંપ પ્રતિ વર્ષ નિભાવણી પેટે આપવા.

૨. હેન્ડપંપ રીપેરીંગની કામગીરી ગ્રામ્ય પંચાયતોની મરજી જાણી તે મુજબ આપવી.

૩. પ્રથમ તબક્કે હેન્ડપંપનું મેજર રીપેરીંગ કામ બોર્ડ દ્વારા ચાલુ રાખવું.

૪. ગામના દરેક હેન્ડપંપના સ્થળ સાથેનું કોડીફીકેશન કરવાનું રહેશે અને પ્રોગ્રેસ પોષ્ટકાર્ડ દ્વારા તાલુકા પંચાયત મારફત તલાટી કમ મંત્રી દ્વારા બોર્ડને સાદર કરવાનો રહેશે.

૫. ગ્રામ પંચાયત દ્વારા રીપેર થતા હેન્ડપંપનું મોનીટરીંગ બોર્ડ દ્વારા સમયાંતરે કરવાનું રહેશે.

૬. રીપેરીંગની કામગીરી બહેનો દ્વારા પાણી પંચાયત મારફત અથવા ડ્વાકરા ગ્રુપ મારફત કરાવે તો પ્રોત્સાહન રકમ રૂા. ૨૦૦/- પ્રતિ હેન્ડપંપ પ્રતિવર્ષ આપવાની રહેશે.

૨/...

// ૨ //

૭. ગ્રામ્ય સ્તરે હેન્ડપંપ મીકેનીકની ટ્રેનીંગ માટે તાલુકા પંચાયત દવારા બેચ બનાવી આપશે. જેને ટ્રેનીંગ જલસેવા ટ્રેનીંગ ઇન્સ્ટીટયુટ મારફતે મેચ.આર.ડી પ્રોગ્રામ નીચે આપવાનો રહેશે.

( મેમ. વી. વાઢેર )
સભ્ય સચિવ

નકલ સાદર રવાના પ્રતિ :-

૧. માનનીય સચિવશ્રી ( પાણી પુરવઠા ) તરફ જાણ સારુ.
૨. માનનીય અધ્યક્ષશ્રી તરફ જાણ સારુ.

નકલ રવાના પ્રતિ :-

૧. મુખ્ય ઇજનેરશ્રી ( તમામ ) તરફ જરુરી કાર્યવાહી અર્થે.
૨. નાણાં નિયંત્રકશ્રી, બોર્ડકચેરી, ગાંધીનગર.
૩. અધિક્ષક ઇજનેરશ્રી (યાંત્રિક) સર્વે
૪. કાર્યપાલક ઇજનેરશ્રી (યાંત્રિક) સર્વે

રાજયના મુશ્કેલ ભર્યા જિલ્લા દર્શાવતું પત્રક:-

જે વિસ્તારોમાં હેન્ડપંપ રીપેરીંગના કામોમાં તકલીફ પડે છે તેવા જીલ્લાઓની યાદી

૧. પોરબંદર

૨. કચ્છ

૩. અમદાવાદ

૪. વડોદરા

૫. નર્મદા

૬. ડાંગ